# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી — તા. ૧૨-૦૭-૨૦૨૩

સામાન્ય, મધ્યમવર્ગ અને દેશના નાગરિકોના જીવનને સ્પર્શતા મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓ-પ્રશ્નો માટે સતત લડતા આદરણીયશ્રી રાહુલ ગાંધીજી પર રાજકીય દ્વેષભાવ રાખી તેમના અવાજને દબાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા સમગ્ર દેશમાં "મૌન સત્યાગ્રહ"નું કાર્યક્રમના ભાગરૂપે અમદાવાદ ખાતે ગાંધી આશ્રમ સામે ગાંધી ચિંધ્યા માર્ગે "મૌન સત્યાગ્રહ" યોજવામાં આવ્યો હતો. દ્વેષભાવની ભાજપની રાજનીતિ પર આકરા પ્રહાર કરતા રાજ્યસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આદરણીયશ્રી રાહુલ ગાંધીજી જનનેતા તરીકે રાષ્ટ્ર હિતમાં ભારતના ખેડૂતો, યુવાનો, શ્રમિકો, નાના ઉદ્યોગકાર-વેપારીઓ માટે સતત અવાજ ઉઠાવે છે. જે ભાજપને મંજુર નથી. શ્રી રાહુલ ગાંધીએ ક્યારેય પણ કોઈ જ્ઞાતિ, સમાજ કે ધર્મનો અપમાન કર્યું નથી. તે હંમેશા તેમને માન-સન્માન આપ્યું છે. શ્રી રાહુલ ગાંધી પ્રજાહિત માટે કામ કરે છે જ્યારે બીજી તરફ મુઠ્ઠીભર લોકો માટે દેશ લુટાવાઈ રહ્યો છે. દેશના નાગરિકોના પરસેવાના કરોડો રૂપિયા ચાંઉ કરીને નિરવ મોદી, લલીત મોદી, મેહુલ ચોક્સી સહિતના ચોરોએ લુંટ ચલાવી છે. શ્રી રાહુલ ગાંધી વારંવાર કહે છે કે મને જેલમાં પુરી દો, સંસદ સભ્યપદ રદ કરી દો, ઘર લઈ લો, તો પણ હું સત્ય બોલતો જ રહીશ. આજે પુજ્ય મહાત્મા ગાંધીના આશ્રમ સામે આદરણીય રાહુલ ગાંધીજીના સમર્થનમાં અમે સૌ ધરણાં ઉપર બેઠા છીએ ત્યારે કોંગ્રેસ પક્ષનો દરેક કાર્યકર આદરણીય રાહુલ ગાંધીજીના સમર્થનમાં ઉભો છે.

ઐતિહાસિક ગાંધી આશ્રમ પાસે આદરણીય રાહુલ ગાંધીજીના સમર્થનમાં આયોજીત "મૌન સત્યાગ્રહ" વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ હાઈકોર્ટના આદેશને સુપ્રિમકોર્ટમાં પડકારશે. દરેક ભારતીયના કલ્યાણ માટે અમારી પ્રતિબધ્ધતા સ્પષ્ટ છે. પછી ભલે ભાજપ અમારી સામે કોઈપણ રણનીતિ અપનાવે, ભારતમાં આવી ફાંસીવાદી શક્તિઓ વધુ લાંબા સમય સુધી ચાલી શકશે નહીં. આદરણીય રાહુલ ગાંધીને ખોટી અને બદલાની ભાવનાથી કરવામાં આવેલી ગેરલાયકાતથી સમગ્ર દેશમાં આજે ખુબ આક્રોશ છે.

ગાંધી આશ્રમ સામે આદરણીય રાહુલ ગાંધીજીના સમર્થનમાં આયોજીત "મૌન સત્યાગ્રહ" માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થ પટેલ, વરિષ્ઠ નેતાશ્રી મધુસુદન મિસ્ત્રી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, રાજ્ય સભા સાંસદશ્રી અમી યાજ્ઞિક, એ.આઈ.સી.સી. મંત્રીશ્રી ઉષાબેન નાયડુ, શ્રી રામકિશન ઓઝા, શ્રી બી.એમ. સંદિપ, શ્રી નિલેશ પટેલ, કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલ, શ્રી બિમલ શાહ, ડૉ. વિજય દવે, શ્રી નીશિત વ્યાસ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી હિરેન બેંકર, શ્રી પાર્થીવરાજસિંહ કઠવાડીયા, શ્રી અમિત નાયક, શ્રી રત્નાબેન વોરા, યુથ કોંગ્રેસ પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, એન.એસ.યુ.આઈ. પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી, ધારાસભ્યશ્રી ગેનીબેન ઠાકોર, શ્રી સી.જે. ચાવડા, શ્રી ઈમરાન ખેડાવાલા, વરિષ્ઠ નેતા ડૉ. કનુભાઈ કલસરીયા, પૂર્વ ધારાસભ્યશ્રી પુંજાભાઈ વંશ, શ્રી કનુભાઈ બારૈયા, ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા, શ્રી વિરજીભાઈ ઠુંમર, શ્રી ચંદ્રિકાબેન બારીયા, શ્રી આનંદ ચૌધરી, શ્રી મોહંમદ પીરઝાદા, શ્રી ગ્યાસુદ્દીન શેખ, અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખશ્રી નિરવ બક્ષી, અમદાવાદ મ્યુનિ. કોર્પો. નેતાશ્રી શેહઝાદખાન પઠાણ સહિત સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં પ્રદેશ અને જીલ્લાના પદાધિકારીઓ, કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

નોંધઃ આ સાથે કાર્યક્રમના ફોટોગ્રાફ્સ સામેલ છે.